વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૮ : અંક - ૮ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જૂન ૬, ૨૦૨૦

# રોગે મરો કે ભૂખે મરો

'આ કોવીડ અમને નહી મારે પણ ભૂખ અમને ચોક્કસ મારી નાખશે....' શાકભાજી વેચનારા રેવાબેનનો આ આક્રોશ-લાચારી દેશનાં કરોડો અસંગઠિત ક્ષેત્રના કામદારોનું પ્રતિબિંબ છે, જે આ મહામારીમાં જિંદગી અને રોજગારી માટે રોજેરોજ ઝઝૂમે છે. જ્યારે બીજી બાજુ આ મહામારીની વચ્ચે દેશના જુદા-જુદા રાજ્યો શ્રમ કાનૂનોમાં બદલાવ/ છૂટછાટો લાવવા માટેના ઓર્ડિનન્સ બહાર પાડવા માંડ્યા. આ છૂટછાટો/ બદલાવોથી કામદારો અસુરક્ષિત બની જશે. વળી, શ્રમકાનૂનો ઘડાયા છે તે કેન્દ્રીય અધિનિયમ છે તેમાં રાજ્ય સરકારો છૂટછાટો /બદલાવ લાવે તે તો ગેરબંધારણીય છે.

આ બદલાવો જોઈએ તો ૧૫થી વધુ રાજ્યો ગુજરાત, મધ્યપ્રદેશ, હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, આસામ, બિહાર, કર્ણાટકે કામદારોનાં કામના કલાક ૮ કલાક થી વધારીને ૧૨ કલાક કર્યા. વધારાના ચાર કલાક કામ કરવાનું પણ આ ઓવરટાઈમનું કોઈ વેતન નહી મળે. બીજો બદલાવ તે શ્રમકાનૂનોને ખારીજ કરવાનું...... ઉત્તર પ્રદેશે ૮ મે ૨૦૨૦ ના ઓર્ડિનન્સ બહાર પાડી શ્રમકાનૂનો ખારીજ કર્યા. ગુજરાત સરકાર પણ ૧૨૦૦ દિવસ માટે શ્રમકાનૂનો ખારીજ કરવાનું વિચારી રહી છે. ઉત્તરાખંડે ઓર્ડિનન્સ થી (ફેક્ટરી એક્ટ) કારખાના અધિનિયમ સહિત ૧૮ શ્રમકાનૂનોને ખારીજ કર્યા.

અધૂરામાં પૂરું ગુજરાત, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ ત્રણ વર્ષ માટે લાગુ નહી કરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. આનાથી તો ફ્રીડમ ઓફ એસોસીએશન -સંગઠનની સ્વતંત્રતા, ઔદ્યોગિક વિવાદ ધારો કે જે સામૂહિક સોદાશક્તિ માટેનો અધિકાર અને અવકાશ, હડતાલનો અધિકાર આપે છે તે ત્રણ વર્ષ માટે અસ્તિત્વમાં જ નહી રહે.....!

સેન્ટ્રલ ગવર્મેન્ટે કામદારોના મુદ્દાઓ માટે ઉદ્યોગોના સંગઠનો સાથે ૩ એપ્રિલ ૨૦૨૦ થી ૧૦ એપ્રિલ ૨૦૨૦માં ચાર ગ્રુપ્સમાં મીટિંગ કરી હતી જેમાં ઉદ્યોગોના સંગઠનોએ સરકારને જણાવ્યું હતું કે, શ્રમ સંગઠનોની પ્રવૃત્તિઓને સ્થગિત કરી દેવી જોઈએ... સરકારના આ પગલાંઓનો વિરોધ તમામ રાષ્ટ્રીય સંગઠનોએ એકજૂટ થઈને કર્યો. સેવા પણ એક રાષ્ટ્રીય સંગઠન હોવાથી બીજા રાષ્ટ્રીય સંગઠનોની સાથે રહીને દેશના વડાપ્રધાનને આવેદનપત્ર આપ્યું તેમજ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાને રજૂઆત કરી.

સેવા સહિતના રાષ્ટ્રીય સંગઠનોએ ૨૨ મે ૨૦૨૦ ના શ્રમ કાનૂનમાં જે બદલાવો થયા છે તે પાછા ખેંચવાની માંગ કરતો વિરોધ દિવસ નક્કી થયો. જેમાં દેશના કામદારોએ ખભેખભો મિલાવી ધરણાં, ભૂખ હડતાલ, દેખાવો, રેલી યોજ્યાં. ઘણી જગ્યાએ કામદારોએ ધરપકડ વહોરી. સેવાના તમામ સભ્યોએ જુદી જુદી રીતે રાજ્યોના સંગઠનોની સાથે રહીને ભાગ લીધો. મધ્યપ્રદેશના ધાર, દસાઇ, લાબરિયા, બિડવાલ, ગોંદીખેડા જેવા ગ્રામીણ ક્ષેત્રોનાં ખેત મજુરો, તેન્દુ પત્તા તોડનારા, બીડી બનાવનાર બહેનોએ પોતપોતાનાં કામના સ્થળે- ઘરોની બહાર નારા લખેલી તક્તિઓથી દેખાવો યોજ્યાં.

બિહારમાં બીડી કામદાર, બાંધકામ કામદાર ફેરી-ટોકરીવાળા, ખેતમજુર સેવાના સભ્યોએ આ વિરોધની રેલી યોજી. ધરણાં કર્યા. જ્યારે ઉત્તરપ્રદેશમાં ચીકન ભરતકામ કરનાર, ઘરેલુ કામદાર, ખેતમજુર સભ્યોએ આ અસંવૈધાનિક બદલાવની કાળી પટ્ટી બાંધી વિરોધ પ્રદર્શિત કર્યો. ઉત્તરાખંડના સેવાના ખેતમજુર, ઘરેલુ કામદાર સભ્યોએ વિરોધ પ્રદર્શન કર્યું. રાજસ્થાનની પાપડ વણનાર, વેચનાર, ઉનની ફેક્ટરીઓમાં કામ કરનાર સેવાની સભ્ય બહેનોએ શ્રમકાનૂનમાં બદલાવ ના જોઈએના પોસ્ટર સાથે વિરોધ કર્યો. જ્યારે દિલ્હીમાં સેવા સહિતનાં રાષ્ટ્રીય સંગઠનોના આગેવાનોએ નક્કી કર્યા પ્રમાણે ગાંધી સમાધિ આગળ દેખાવો કર્યા. પોલીસે બધાની ધરપકડ કરી પોલીસ સ્ટેશન લઇ ગયા. છેક સાંજે છોડ્યા......

ઓહ!

અમે પ્રબળ આશા રાખીએ છીએ કે, ગરીબ- શ્રમજીવી- સ્વાશ્રયી બહેનો તેમજ તેમના કુટુંબીજનોની પરિસ્થિતિ સુધારવા આપણુ ંગુજરાત રાજ્ય આગળ વધશે જ તેવી આશા છે...

તાકઃ માનનીય સુપ્રીમ કોર્ટે કરેલા આદેશ મુજબ શ્રમ કાનૂનોમાં બદલાવ નહિ લાવી શકાય.

**- મનાલી**

❑

# મીઠાના ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા કાંઈક તો હોય......હંસાબેન રમેશભાઈ

કચ્છના નાનાં રણમાં બારેમાસ સોશિયલ ડિસ્ટન્સ જાળવીને જ મીઠાની ખેતી કરતાં સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લાના અગરિયાઓ પણ કોવિડ -૧૯થી મુશ્કેલીમાં મુકાયા.

વિશ્વ આખાને હંફાવનાર કોરોના વાયરસના લૉકડાઉનની અસર કચ્છના નાનાં રણમાં કામ કરતા અગરિયાઓ પર પણ પડી. સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં ૩૦,૦૦૦ મીઠા કામદાર બહેનો આમ તો તેમના છાપરા એકબીજાથી એકથી બે કિલોમીટર દૂર જ રાખીને કામ કરે છે એટલે કોરોનાવાયરસ થવાની બીક બિલકુલ નથી પણ અગરિયાઓને દર મહિને ૨૫થી ૫ તારીખમાં બધા વેપારીઓ ૧૨૦૦૦થી ૧૫૦૦૦નો હપ્તો આપે. તેમાં ડીઝલ લેવાનું અને મહિનાનું રાશન ભરવાનું. પરંતુ ૨૨ માર્ચના રોજ જ્યારે પહેલું લૉક ડાઉન જાહેર થયું કે તરત જ અગરિયા ઉપર જાણે આભ ફાટી પડ્યું. સીઝન પુરી થવા માં એક જ મહિનો બાકી હતો. સેવાના સભ્ય હંસાબેન રમેશભાઈ કહે, 'બેન ઢબી ઢબી ને આરે આવ્યા ને ડૂબી જશું કારણ કે હવે જ સાચા કામ બાકી રહ્યા છે. ' આવી પરિસ્થિતિમાં સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં સેવાના ૧૭૦૦૦ મીઠા કામદાર સભ્યો વતી સરકારશ્રીને નીચે મુજબ નમ્ર રજૂઆત કરવામાં આવી.

૧) વેપારીઓ પોતાના વતનમાં જવા નીકળી ગયા, જીવન જરુરિયાતની ખાવાની વસ્તુઓ ખૂટી, બજાર બંધ, ગામની દુકાનવાળા ઉધારમાં કાઈ આપે નહિ આવી પરિસ્થિતિમાં તાત્કાલિક જીવન જરૂરિયાતની વસ્તુઓ રણમાં પહોંચાડવામાં આવે. સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરએ સેવાની રજૂઆત ધ્યાન પર લઈ એક અઠવાડિયામાં પોતે જાતે જ જઈ બધા જ અગરિયાઓને જમવા માટે રાશન પૂરું પાડ્યું.

ખારાઘોડા નવાગામના સમજુબેન કહે 'કોરોના વાયરસના ચેપથી અમે નહી મરીએ પણ ભૂખથી મરી જશું. કોઈ ગામમાં ઉધાર દેતું નથી. રાશનમાં વસ્તુ લેવા ગયા તો અમને કહે તમને નહી મળે. મારા ઘરમાં મારા પોતાના ત્રણ દીકરા, બે દીકરાના લગ્ન થઈ ગયેલા છે તેની બે વહુઓ અને બેઉ વહુને એક- એક છોકરા. ૯ થી ૧૦ ઘરનાં માણસને સવાર-સાંજ ખાવા શું આપવું? વેપારી હપ્તો કરે ત્યારે મહિનાની વસ્તુ લઈ આવીએ. મહિનો પૂરો થયો એટલે રાશન પૂરું થયું. શું કરીશું? આવું તો ક્યારેય જોયું નથી એવા દિવસ આવ્યા.'

૨) મીઠાના પાળા કરવા માટે પાવડીઓ બનાવવી પડે, જે લુહાર જ કરી શકે. પાટણમાં બધી દુકાનો બંધ. આવી પરિસ્થિતિમાં સેવાના સંગઠક મુમતાઝ બેને કલેકટર સાહેબ પાસે જઈ રજૂઆત કરી જેથી તાત્કાલિક લુહારની દુકાનો ખોલવાની મંજૂરી મળી. તેના લીધે તૈયાર થયેલા મીઠાના પાળા સમયસર કરી શકાયા.

૩) મીઠાના ઉત્પાદન નું કામ પૂરું થયું એટલે ટ્રાન્સપોર્ટનું કામ ૧૫ એપ્રિલથી ચાલુ કરવાનું હતું અને ૧૪ એપ્રિલે લૉકડાઉન પૂરું થશે પછી ફરી દસથી પંદર દિવસનું લૉક ડાઉન આવે તો લાખો ટન મીઠું સમયસર ગોડાઉન સુધી પહોંચાડવું શક્ય ન બને અને કરોડો રૂપિયાનાં મીઠાનું નુકસાન થાય. વેપારીઓ સાથે અગરિયાઓને પણ સીઝનના અંતે હિસાબ કરી વધારાની રકમ ઓગસ્ટ મહિનામાં ચૂકવવામાં આવતી હોય છે જો મીઠું સમયસર ના પહોંચે તો આખી સિઝનની કમાણી પાણીમાં જાય. 'સેવા'ની રજૂઆતને ધ્યાને લઈ જિલ્લા કલેકટર અને પ્રાંત અધિકારીએ લૉકડાઉનમાં પણ ટ્રાન્સપોર્ટના કામની મંજૂરી આપતા રણમાં કામ કરતા ૩૦૦૦૦ અગરિયાઓની કાળી મજૂરીની કમાઈ બચાવી શક્યા.

૪) સુરેન્દ્રનગરના ૫૪૦ મીઠાકામદાર બહેનોએ ત્રણ ત્રણ વર્ષથી સોલાર લોન લીધેલી તેની સબસીડી માટે રણમાં વિઝીટ બાકી હતી અને પાટણ જિલ્લાના ૫૬ મીઠા કામદાર બહેનોએ એક વર્ષથી સોલાર લોન લીધી હતી તેમની સબસીડીની વિઝીટ પણ લૉક ડાઉન ને લીધે બાકી રહી ગયેલી તે રજૂઆત પણ સરકારના ધ્યાન પર લઈને તાત્કાલિક ગોઠવણ કરી કામ પૂરું કરાવ્યું.

આ કામમાં રીમાબેનનું માર્ગદર્શન ખૂબ અગત્યનું રહ્યું.સંગઠનનું બળ હતું અને સરકારની મદદ મળી જેથી સુપેરે આ કામ પાર પડ્યું, નહિતર અમે પાંચ વર્ષ સુધી ઊંચા ના આવત. ધુળીબેન કાળુભાઇ એક સંતોષના શ્વાસ સાથે કહેવા લાગ્યા.

**- હિના દવે**

❑

## મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર (૨૫/૩/૨૦૨૦)

આપ મીઠાકામદારો તથા અગરિયાઓના પ્રશ્નોથી ઘણાં જ વાકેફ છો અને આપ તેમને અત્યાર સુધી ઘણી બધી મદદ કરી રહ્યા છો.

૧) તાજેતરની કોવિડ -૧૯થી જે પરિસ્થિતિ સર્જાઈ છે, આવી પરિસ્થિતિમાં કચ્છના નાનાં રણમાં કામ કરતા અગરિયાઓને પણ જીવન જરુરિયાતની વસ્તુઓ માટે બહુ તકલીફ પડી રહી છે, દર મહિને અગરિયાઓને સ્થાનિક વેપારીઓ દ્વારા ૧૨૦૦૦ થી ૧૫૦૦૦ રૂપિયા હપ્તા આપવામાં આવે છે આ હપ્તામાંથી અગરિયાઓ દર મહિને ડીઝલ ખર્ચ અને પોતાના પરિવાર માટે જીવન જરૂરિયાતની વસ્તુઓની ખરીદી કરતા હોય છે. હાલમાં ૨૨/ ૩ /૨૦૨૦ થી ગુજરાત લૉક ડાઉન હોવાથી સ્થાનિક મીઠાના વેપારીઓ દ્વારા હપ્તા સમયસર મળી શક્યા નથી, તેના લીધે હાલમાં રણમાં રહેતા અગરિયા પરિવાર પાસે જીવન જરુરિયાતની ખાસ ખોરાક માટેની વસ્તુઓ બધી જ પુરી થવા આવી છે સાથેસાથે તેમની પાસે પૈસા પણ નથી કે એ લોકો પોતાના ગામમાંથી ખરીદી કરી પોતાનું ગુજરાન ચલાવી શકે.આપશ્રી ને અમારી આગ્રહ ભરી વિનંતી છે કે તાત્કાલિક કચ્છના નાનાં રણમાં કામ કરતાં અગરિયાઓને જીવન જરુરિયાતની વસ્તુઓ પૂરી પાડવામાં આવે.

૨) કચ્છના નાનાં રણમાં મીઠું પકવતા અગરિયાઓને ઓક્ટોબરથી મે માસ સુધીની સિઝન હોય છે, જેમાં ૧૦ એપ્રિલથી મીઠાના ઉત્પાદનની કામગીરી પૂરી થાય અને મીઠાને હીપ સુધી પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટનું કામ ચાલુ થતું હોય છે, આપશ્રી ને જણાવવાનું કે હાલમાં પુરા ભારત દેશમાં ૨૧ દિવસ લૉક ડાઉન કરવામાં આવેલ છે, અને ૧૦ એપ્રિલથી મીઠાના ટ્રાન્સપોર્ટનું કામ ચાલુ કરવું બહુ જરૂરી છે. ૧૫ જૂન પછી વરસાદની સિઝન પણ ચાલુ થતી હોય છે, જો ટ્રાન્સપોર્ટનું કામ સમયસર ચાલુ કરવામાં નહી આવે તો કચ્છના નાનાં રણમાં કામ કરતા અગરિયાઓને મીઠાના ઉત્પાદન માટે પણ વેપારી તેમજ બેંકમાંથી નાણાં લીધા હોય છે તેમને લાખો રૂપિયાનું નુકસાન થાય તેમ છે.

આપશ્રીને અમારી વિનંતી છે કે આપ કચ્છના નાનાં રણમાં મીઠાના તૈયાર થયેલા ઉત્પાદનને સમયસર ટ્રાન્સપોર્ટ દ્વારા હીપ સુધી પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટ કામ ચાલુ કરાવવા માટે મંજૂરી આપવામાં આવે.

આપના સહકારની અપેક્ષા સહ.

**- હિના દવે** **- ભારતી ભાવસાર**

❑

# શું મજૂર કાયદાઓ નડતરરૂપ છે? ના

રેનાના બહેનનો ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેનો ઈન્ટરવ્યુ

આ લૉકડાઉનને કારણે કામદારોની પરિસ્થિતિ કેવી છે?

ખૂબ જ દર્દનાક પરિસ્થિતિ. અમે જાણીએ છે તે મુજબ મોટાભાગના કામદારો અસંગઠિત ક્ષેત્રોમાં છે જે સ્વરોજગાર ઉપર નભે છે અથવા કોન્ટ્રાક્ટ પર કામ કરતા રોજમદારો છે. ખેતી સિવાયના લગભગ ૮૦ ટકા કામદારો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને મોટાભાગના ખેતી સાથે જોડાયેલા કામદારો પણ અસંગઠિત ક્ષેત્રમાં જ છે. ખેતી સિવાયના લગભગ બીજા બધા જ ધંધાઓમાં કામ બંધ છે એટલે જ કામદારો પાસે કોઈ જ આવક નથી. શિકાગો યુનિવર્સિટી દ્વારા એપ્રિલમાં થયેલા એક અભ્યાસ મુજબ ૭૦% કુટુંબો મે મહિના ૨૦૨૦ પછી તેમની હાલની આવક અને બચત ના આધારે નહીં જીવી શકે. સેવાના સભ્યો ઉપર કરવામાં આવેલા અભ્યાસ પરથી જાણવા મળ્યું કે ૭૮% સભ્યો હાલમાં પણ કુટુંબીજનો કે સમાજમાંથી કે પછી નાણાં ધીરનાર પાસેથી ઉધાર પૈસા લઈ રહ્યા છે. મોટાભાગના કુટુંબોએ પોતાના ખાવાના ખર્ચામાં કાપ મૂક્યો છે.

સેવા દ્વારા સ્ત્રી કામદારો ઉપરની અત્યારે શું અસર છે તે જણાવો.

બાંધકામ ક્ષેત્રના કામદારો સંપૂર્ણપણે બેરોજગાર છે. ઘરખાતા કામદારો પાસે બિલકુલ કામ નથી કારણકે કોન્ટ્રાક્ટર અને દુકાનદારોના ધંધા ઠપ હોવાથી એમને કોઈ ઓર્ડર મળતા નથી, એમાંથી થોડાઘણા ઓછા મહેનતાણા સાથે અત્યારે માસ્ક બનાવવાનું કામ કરી રહ્યા છે. ઘરેલુ કામદારો લગભગ બે મહિનાથી તેઓ જેમના ઘરે કામ કરે છે ત્યાં જઈ શક્યા નથી, જેમાંથી ઘણાને માર્ચ મહિનાના પૈસા પણ મળ્યા નથી. વેચનારાઓનો રોજગાર પણ બંધ થયો છે પણ તેમાંથી કેટલાક શાકભાજી અને ફળો વેચી રોજી ચાલુ રાખી શક્યા છે.

સામાજિક સહાય અને સલામતી માટે હવે કામદારોને શેની વધુ જરૂર છે?

સરકારે સૌથી પહેલા રાશન વહેંચવાની જાહેરાત કરી પણ અમારો અભ્યાસ કહે છે કે કામદાર વર્ગના ૩૦% કુટુંબો પાસે રાશન કાર્ડ નથી. કેટલાંક રાજ્યોએ રાશનકાર્ડ વગરના લોકોને રાશનની વહેંચણી કરવાનો પ્રયત્ન કર્યો છે પણ તેનાથી કંઈ ખાસ મેળ પડ્યો નથી. અમારું સૂચન છે કે રાશનકાર્ડ હોય કે ના હોય પણ આ બધા કુટુંબોને ત્રણ મહિના સુધી વિનામૂલ્યે ભોજન મળવું જોઈએ. આ એક સંપૂર્ણ પેકેજ રૂપે હોવું જોઈએ. જેમાં લોટ અથવા ચોખા, કઠોળ, તેલ, ખાંડ, ચા અને સાબુનો સમાવેશ થવો જોઇએ. સરકારે સીધા ખાતામાં પૈસા જમા થાય તે માટેની કેટલીક યોજનાઓની જાહેરાત કરી છે. લગભગ ૫૯% સ્ત્રીઓ જે આ યોજનાને હકપાત્ર છે તેમણે જણાવ્યું કે તેમને પોતાના જનધન ખાતામાં ૫૦૦ રૂપિયા મળ્યા છે. અમારું સૂચન છે કે જનધન ખાતામાં આ લોકો ઓછામાં ઓછું ત્રણ મહિના ટકી શકે તેટલા પૈસા એટલે કે લગભગ ૫૦૦૦ રૂપિયા દર મહિને મળવા જોઈએ.

કામદારોની વાટાઘાટ કરવાની શક્તિ અને કામ કરવાના યોગ્ય વાતાવરણના સંદર્ભે હાલમાં જે મજૂર કાયદાઓમાં ફેરફારો થયા છે તેને તમે કેવી રીતે જુઓ છો?

આ લૉકડાઉને કામદારોની ખૂબ જ દયનીય પરિસ્થિતિ ને ઉજાગર કરી છે. ખાસ તો કોઈ સામાજિક સુરક્ષા નથી અને આવી વિકટ પરિસ્થિતિમાં ટકવા માટે નથી એમની પાસે ખોરાક કે નથી પૈસા. સરકાર તરફથી પણ કોઈ જ સહાય નથી. નિસહાય કામદારોને સામાજિક સુરક્ષા નેટ આપવાને બદલે ઘણી રાજ્ય સરકારોએ કામદારોએ દિવસમાં ૧૨ કલાક અને અઠવાડિયાના છ દિવસ કામ કરવું પડશે એવી જાહેરાત કરી છે. આ ખરેખર અમાનવીય છે. કોઈપણ વ્યક્તિ આવી રીતે અથાગ શારીરિક શ્રમ કેવી રીતે કરી શકે? શું આ બધો ભાર કામદારોના માથે જ નાખવાનો છે?

વળી ઉત્તર પ્રદેશની સરકાર તો આનાથી પણ આગળ ગઈ છે અને બધા જ મજૂર કાયદાઓને સ્થગિત કરી દીધા છે, જે સીધું જ કામદારોના હિતનું વિરોધી છે. ઉદાહરણ તરીકે, લઘુતમ વેતનના ધારાને સ્થગિત કરવો એટલે માલિકો દ્વારા સીધું શોષણ. અને ટ્રેડ યુનિયનના ધારાને સ્થગિત કરવાનો સીધો અર્થ એ કે કામદારો પોતાના હિત માટે ભેગા ન થઈ શકે અને શોષણ સામે ના તો કોઈ વાટાઘાટો કરી શકે.

આ સરકાર હેઠળ તમે અસંગઠિત ક્ષેત્રના કામદારોની સ્થિતિને કેવી રીતે જુઓ છો? ખાસ કરીને નજીકના ભવિષ્યમાં શું લાગે છે?

સ્વાશ્રયી કામદારોની તકલીફોને વધુ મહત્વ આપીએ, તો નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના આંકડાઓ પ્રમાણે ૬.૩ કરોડ ખેતી સિવાયના ક્ષેત્રમાં કામ કરતા કામદારો છે જેમાંના નોંધણી વગરના નાના-નાના ધંધા રોજગાર છે કે જે મોટાભાગે કુટુંબના સભ્યો દ્વારા ચાલે છે અને તેઓ ફક્ત ગુજરાન ચાલે તેટલું જ કમાય છે. આ નાના ધંધા અત્યારે સંપૂર્ણ બંધ છે અને તેઓ પોતાની મૂડી દ્વારા કુટુંબ માટે ખોરાક અને જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદીને ગુજરાન ચલાવી રહ્યા છે. જ્યારે બજારો ખુલશે ત્યારે આ સ્વરોજગાર ધરાવતા લોકો પાસે બિલકુલ મૂડી નહી બચી હોય. અને એમણે દેવું કરવું પડશે અથવા તો ધંધો બંધ કરવો પડશે. સરકાર દ્વારા નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમો માટે જાહેર કરવામાં આવેલા પેકેજમાં આ સુક્ષ્મ સ્વરોજગાર આધારિત ધંધા ઉદ્યોગોનો સમાવેશ નથી થતો.

શું ભારતમાં સરળતાથી ધંધો કરવા માટે મજૂર કાયદાઓ નડતરરૂપ છે?

ના, મને એવું બિલકુલ નથી લાગતું. કારણ કે મોટાભાગના કામદારો કોન્ટ્રાક્ટ ઉપર કામ કરે છે અને મજૂર કાયદાઓની સતત અવગણના જ થાય છે. ઘણી જગ્યાએ તો લઘુત્તમ વેતન ધારો પણ અમલમાં નથી. આપણે જોઈએ તો ભારત કરતા ચીનના કામદારો વધુ સુરક્ષિત છે. સરળતાથી ધંધો કરવામાં ઘણી બાબતો અવરોધરૂપ હોઈ શકે છે જેમકે જડ અમલદારશાહી અને માળખાગત સુવિધાઓની ઉણપ.

❑

# સંયુક્ત રાષ્ટ્ર રીઝલ્ટ ગ્રુપ-૬ માં સેવાની રજૂઆત

સંયુક્ત રાષ્ટ્ર રીઝલ્ટ ગ્રુપ-૬માં ઉદ્યોગસાહસિકતાની કુશળતા-નોકરીઓ ઊભી કરવા માટે રચાયેલું છે જેમણે અસંગઠિત ક્ષેત્રની ઉપર કોવિડ ૧૯ની શું અસર થઈ છે એ માટે સેવાને આમંત્રિત કરી હતી. આ ચર્ચામાંથી નીકળતા મુદ્દાઓ ઉપરથી યુ.એન. રીઝલ્ટ ગ્રુપ-૬ સરકારને કેવી નીતિઓ ઘડવી જોઈએ તેમજ આ મહામારીની પરિસ્થિતિમાં શું કરવું જોઈએ તે માટેની ભલામણો કરશે. આ મિટિંગમાં યુ.એન.ની બધી સંસ્થાઓના વડા જોડાયા હતા. તેથી આપણા અસંગઠિત ક્ષેત્ર માટે આ મીટિંગ ખૂબ અગત્યની હતી.

મેં નીચે મુજબના મુદ્દા રજૂ કર્યા.

૧) કોવીડ -૧૯ના કારણે રોજનું કમાઈને રોજ ખાતા અસંગઠિત ક્ષેત્રના ૫૦ કરોડ ગરીબ શ્રમજીવીઓના જીવન ઉપર ખૂબ માઠી અસર પડી છે.

૨) ખૂબ જ ગભરાટનો માહોલ ઉભો થયો છે. આ મહામારીમાં તેમનું શું થશે અને તેઓ આજીવિકા- કામ ધંધા વગર કોઈપણ આવક વગર બે-ત્રણ મહિના કેવી રીતે જીવશે તેમજ પોતાની જાતને ટકાવી રાખશે તે માટે ભયભીત છે.

૩) કેટલાક અસંગઠિત ક્ષેત્રોના ખાસ પ્રકારોની વાત કરીએ તો તેમાં ૫૦ લાખ ઘરખાતા સ્ત્રી કામદારો છે. જેમાંનો એક મહત્વનો ઉદ્યોગ એ ટેક્ષટાઈલ અને ગારમેન્ટનો છે. જેમાં કપડાં ઉપર વેલ્યુ એડિશન નું કામ મોટા પ્રમાણમાં થાય છે જેમ કે કાપડ ઉપર ઝરી લગાડવાનું, સ્ટોન લગાડવાનું, ભરતકામ કરવાનું વગેરે. હાલમાં બહારના દેશોમાં કપડાની નિકાસ સંપૂર્ણ બંધ છે. એટલે આ ઘરખાતા કામદારો સાવ રખડી પડ્યા છે. તેમના હાથમાં કામ જ નથી. વળી આવા કામ હાથથી થતા હોવાથી માલિકોને આ હાથના કામ દ્વારા વાઈરસ ફેલાશે તેનો ડર છે. અને આ જ કારણોસર લખનૌના ચાર લાખ ચિકનકારી ભરતકામ કરતા કામદારો માર્ચના પહેલા અઠવાડિયાથી બેકાર થઈ ગયા છે. આની પાછળનું મહત્વનું કારણ એ છે કે આ ચિકનકારી ભરતકામનું ૯૦% જેટલું કામ તો બીજા દેશોમાં નિકાસ થાય છે અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચવાની સપ્લાય ચેઇન અત્યારે તૂટી ગઈ છે.

૪) પંજાબમાં ઘણા સ્ત્રી કામદારો સિલ્કના દોરામાંથી માથામાં નાખવાના પરાન્દા બનાવવાનું કામ કરે છે. આ બહેનોનું કામ પણ લૉક ડાઉનના કારણે બંધ થયું છે. તૈયાર થયેલો માલ એમના ઘરમાં પડયો છે પણ કોન્ટ્રાક્ટરો એ લેવા નથી આવ્યા અને આ કામદાર બહેનોને આજદિન સુધી કરેલા કામનું વેતન નથી મળ્યું.

૫) મધ્યપ્રદેશમાં તેન્દુપત્તા કે જે બીડી બનાવવામાં વપરાય છે તેને તોડનારા ૨૮ લાખ કામદારો છે. માર્ચ મહિનાના અંતનો સમય આ તેન્દુના ઝાડને ટ્રીમ કરવાનો હોય છે. અને જો એનું ટ્રીમીગ થાય તો જ સારી ગુણવત્તાવાળા બીડી બનાવવાના પાન ઝાડ ઉપરથી ઉતારી શકાય. આ વર્ષે કોવિડ-૧૯ ને કારણે આ ટ્રીમીગનું કામ થઈ શક્યું નથી. જેને કારણે ૯ લાખ કામદારો જે ટ્રીમીગ નું કામ કરે છે એમને અસર થઇ છે. અધૂરામાંપૂરું મે મહિનાના પહેલા અઠવાડિયાથી તેન્દુના પાન તોડવાની શરૂઆત થતી હોય છે. આ કામ કરી શકાશે કે નહી એ અનિશ્ચિત છે જેને કારણે ૨૮ લાખ કામદારો રોજી ગુમાવશે. આ આખી ચેઇન આગળ સુધી ચાલશે કારણકે બીડી કામદારોને તેન્દુના પાન નહી મળે તો તેઓ બીડી નહી વાળી શકે અને એમને પણ રોજી નહી મળે. બીડી નહી બને તો તમાકુ કામદારોને પણ ફટકો પડશે.

૬) હાલમાં ભાવનગરનું સૌથી મોટું શિપ બ્રેકિંગ યાર્ડ બંધ છે. જેના કારણે આ જ ઈન્ડસ્ટ્રી ના ત્રીસ હજાર ડાઉન સ્ટ્રીમ સ્ત્રી કામદારો અને તેમના કુટુંબો અસરગ્રસ્ત થયા છે. આ કામદારો એન્કરના દોરડાઓને કાપવા, સાફ કરવા અને છુટા પાડવાનું કામ કરે છે. આ ઉપરાંત વહાણના ઈલેક્ટ્રીક ફિટિંગ્સને રીસાયકલ કરવાના કામ સાથે જોડાયેલા છે. આમાના અમુક કામદારો પ્લાસ્ટિકની ફેક્ટરીઓમાં પણ કામ કરે છે. હાલમાં તેમની આજીવિકા બંધ છે. તેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે દેવું કરે છે. અને તેમને આ લૉકડાઉન જો ત્રણ મહિના ચાલ્યું તો શું થશે તેનો ભય સતત લાગ્યા કરે છે.

૭) શહેરના ૧% વેસ્ટ રિસાઈકલર્સ કે જેઓ સ્વચ્છ ભારત અભિયાનના ખરા યોદ્ધાઓ છે તેમને પણ કોવીડ ૧૯ મહામારી થઈ ત્યારથી વેસ્ટ માટે ઓછા ભાવ મળે છે. અને હાલમાં તેઓ આ વેસ્ટ વેચી નથી શકતા કારણકે પીઠાવાળાઓએ તેમના પીઠા/ ગોડાઉન બંધ કરી દીધા છે. આ કારણે ખૂબ મોટા પ્રમાણમાં વેસ્ટ તેમના આંગણાં, છાપરાં અને મહોલ્લાઓમાં ભેગો થયેલો પડી રહ્યો છે જે આરોગ્યની દ્રષ્ટિએ જોખમી છે.

૮) સરકારે ખેત પેદાશ પેદા કરનારાંઓને તેમના ખેતરમાં જવાની પરવાનગી આપેલી છે, પણ ટ્રાન્સપોર્ટેશનના અભાવે

તેમના માટે પોતાની પેદાશને ગોડાઉન સુધી પહોંચાડવામાં અને વેચવામાં ખૂબ મુશ્કેલી પડે છે. શાકભાજી ઉગાડનારા કહે છે કે તેમના શાકભાજી ખેતરમાં જ સડી રહ્યા છે અને તેમને પોતાના શાકભાજી એક રૂપિયે કિલો એટલેકે ફેંકી દેવા જેવી કિંમતે વેચી નાખવા પડે છે. આ સિઝનમાં ખેડૂતો ઘઉં, કપાસ અને બાજરીનો પાક લઈ શક્યા હોત પણ લૉક ડાઉનને કારણે ના લઈ શકાયો. સેવાના શાંતીબેન કે જેમણે આ વખતે ઘઉં ઉગાડયા છે તે ચિંતાથી કહે છે કે, 'આ સીઝન સોના જેવા ઘઉંની હતી પણ બધું સોનુ ધૂળધાણી થઈ ગયું.' વળી હવે વાવણીની સિઝન પણ શરૂ થશે, જેના માટે બિયારણની જરૂર પડશે. જો ખેડૂતોને સમયસર બિયારણ નહીં મળે તો તેઓ ખેતી કરીને પાક નહીં લઈ શકે.

૯) આ ઉપરાંત સરકારે ખેડૂતોને ફક્ત બે-ત્રણ કલાક કામ કરવાની જ મંજૂરી આપી છે. જેથી સ્ત્રીઓ માટે બધું જ કામ જેમકે ડેરી- કોઓપરેટીવમાં દૂધ આપવા જવું, ઢોર માટે ચારો લાવવો, જરૂરી ચીજવસ્તુઓ લાગવી વગેરે આટલા ઓછા સમયમાં એક સાથે પૂરું કરવું ખૂબ અઘરું બની જાય છે.

૧૦) ઘરેલું કામદારોને કોઈ ઘરમાં કામ કરવા ઘૂસવા

દેતાં નથી જેથી તેમણે પણ રોજી ગુમાવી છે. વળી તેમને તેમનો પગાર પણ મળ્યો નથી.

૧૧) વેચનારાઓના સ્વાભાવિક બજારો બંધ હોવાના કારણે ૩ કરોડ ફેરિયાઓ/ વેચનારાઓની આવકને અસર થઈ છે. શાકભાજી અને ફળ વેચનારાઓને વેચવાની છૂટ હોવા છતાં પોલીસ દ્વારા ઘણા વેચનારાઓને થતી કનડગતના કિસ્સાઓ સામે આવ્યા છે. ફક્ત ૨૦ થી ૨૫% વેચનારા વેચવા નીકળી શકે છે બાકીના બધા જ વેચનારાઓ રોજી અને આવક વગર દિવસ કાઢી રહ્યા છે. સેવાના વેચનાર સભ્યબેન મણીબેન કહે છે કે, 'અમને ફક્ત બે -ત્રણ કલાક લારી ચલાવવાની છૂટ છે. પોલીસ અમને ભેગા ઉભા પણ રહેવા નથી દેતી. જો અમે લારી ચલાવીને વેચાણ નહીં કરીએ તો અમે ખાઈશું શું? અને અમારા કુટુંબનું ગુજરાન કેવી રીતે ચલાવીશું?'

૧૨) બાંધકામનો ઉદ્યોગ સંપૂર્ણ ઠપ હોવાથી ભારત સરકારે બાંધકામ અને કામદારો માટે આર્થિક સહાયની જાહેરાત કરી છે. પરંતુ આ આર્થિક સહાય દરેક રાજ્યમાં જુદી છે જેમ કે ગુજરાતમાં સહાય રકમ ૧૦૦૦ રૂપિયા છે અને પંજાબમાં ૩૦૦૦ રૂપિયા છે. ટૂંકમાં આર્થિક સહાયમાં કોઈ એકસૂત્રતા જ નથી.

૧૩) કેટલાય કામદારો રાજ્યની અંદર જ જુદા જુદા વિસ્તારોમાં અને એક રાજ્ય થી બીજા રાજ્યમાં પોતાના વતન તરફ સ્થળાંતર કરી રહ્યા છે. સેવાના સભ્યોનું કહેવું છે કે એક તરફ તેમને પોતાના પતિ કે કુટુંબના સભ્યોને ઘરે પાછા જોઈ આનંદની લાગણી થાય છે અને બીજી જ પળે પોતાના કુટુંબીજનો શહેરમાંથી સાથે વાયરસ લઈને આવ્યા હશે તો શું થશે એ ભયથી તેમને આવકારીયે નથી શકતા.

૧૪) લૉક ડાઉન ને કારણે ઘરેલુહિંસાના કિસ્સાઓમાં વધારો થયો છે. ઘરમાં પૈસા, અને ખોરાકની અછત એ ઘરેલુહિંસા થવા પાછળના મહત્વના કારણો છે.

૧૫) સરકારે ગરીબ અને જરૂરીયાતમંદોને રાશન પૂરું પાડ્યું છે એ ખૂબ સારી બાબત છે, પરંતુ અમારી સરકાર સમક્ષ કેટલીક વિનંતીઓ છે.

અસંગઠિત ક્ષેત્રના કામદારોના આ જીવન જીવવા માટેના સંઘર્ષને વર્ણવી તેમના માટે, તેમના તરફી નીતિવિષયક ભલામણો થાય એવી ઊંડી આશા સાથે મારું વકતવ્ય પૂરું કર્યું.

**- મનાલી**

**(૭, એપ્રિલ ૨૦૨૦ માં થયેલ મીટીંગ)**

❑

# મારી ફુરસદ

મારા પડોશના બંગલામાં રહેતા સગુણાબેન તેમના પાછલા નળે કપડાં ધોતા હતાં. નળ ચાલુ, ધોકા મારતા જાય ને મારી જોડે આજે વાત કરતા હતા. ખરેખર તો લૉકડાઉનના ગુણગાન ગાતા હતા.

મોડા ઉઠો તો વાંધો નહિ. કશે મોડું થઈ જશે એવી બીક નહિ. રોજ શાંતિથી નહાવાનું મળે, વહેલું-મોડું થવાનો સવાલ જ નહિ. બે જોડી કપડાંથી રોજ ચાલે. ઈસ્ત્રી કરવાની ઝંઝટ નહિ. કોઈનું ટિફિન ભરવાનું નહિ. બસ ચૂકી જવાની ઉતાવળ નહિ. સમયસર તાજું ગરમાગરમ જમવાનું. રાંધવાના વાસણ ઓછા બગડે, માંજવાના ઓછા થાય. હા,રોજ ઊઠીને વાસીદું જાતે વાળવાનું, ધૂળ ઝાપટવાની, પથારી જાતે ઉપાડવાની, કચરા-પોતાં બધું જાતે કરવાનું. જો ના કરો તો કામ પડ્યું રહે. 'લાવો બહેન, હું કરી દઈશ..' કહેનારું કોઈ હોય નહીં. બપોર પડે કે લંબાવો... તે છેક ચા પીવાનો ટાઈમ થાય ત્યારે ઊઠો, ત્યાં લગી પડ્યા પડ્યા નોવેલ વાંચો, લાંબી એક ફિલ્મ જોઈ

નાખો કારણકે રોજની જેમ છાપાં તો ઘરે આવતા નથી. સાંજે કોઈ મળવા આવવાનું છે તો બહાર વરંડા, દીવાનખંડ વ્યવસ્થિત જલ્દીથી કરી દઉં એવી કોઈ ફિકર નથી. કંઈ મન થાય તો ઊઠીને ગમતો નાસ્તો બનાવી લઉં. જેવું બધાનું મન. મમરા વઘારવા, ખીચું કરું, બટાકા પૌંઆ, સેન્ડવીચ ભેળ, સુખડી જેવી ઈચ્છા.

સૌથી સારી બે બાબતો :એક ,ઘરના નાના મોટાં કામમાં ઘરના નાના-મોટા બધાય કામ કરે. પુરુષો કામ કરે જોવાનું કૌતુક થાય. ઘણીવાર તો વધુ એફિશિયન્ટ પોતે થવા જાય તેમાં ઊલટાનું કામ વધારીને મૂકે, ત્યારે મનમાં ઘડીક એવું થઈ જાય કે હવે તો આમની ઓફિસ ખુલે તો સારું! જવાનીયાઓ ઘરમાં દિ આખો એવા હતપત થયા કરે, જરા જંપે તો સારું એમ થાય પણ શીખવા આપણને મળે કેમકે એ રોજ કંઈ નવી વાત ચર્ચા માટે લાવીને સામે મૂકે. ઘઈડાં તો જાણે બરાબર સાચવી લઈએને પછી કોઈ કચપચ નહિ.

બીજી સારી બાબત એ કે વર્ષોથી પડ્યાં પડ્યાં થંભી રહેલાં જુના કામ ધીરે ધીરે એકે એક ઉકેલવા લાગીએ. ઈસ્કોતરા ખોલીને જોઈએ, માળીયેથી જૂની ચોપડીઓ, જુના લખાણો કાગળિયાં છબીઓ ઉતારીએ. છોકરાંના, આપણા જૂના કિંમતી કપડાં વાસણો આ બધા પર શાંતિથી નજર નાખવાની. છોકરાની જૂની ચીજો બતાવીને જુનીજુની પહેલાના જમાનાની વાતો કરવાની. આવી બધી ફુરસદો બાકી ક્યાંથી મળવાની હતી? ફુરસદ કોને કહેવાય તે હવે સમજાયું. તમારા સમયના તમે પોતે માલિક. અન્ય માલિકના કામમાંથી છુટકારો મળે એવી ફુરસદ નહિ. આ તો મારો જ સમય, મારી ફુરસદ.

- ઈ.

❑

# મારી ફુરસદ?

સેવાના આગેવાનો સાથેની એક વિડીયો મિટિંગમાં

કાન્તાબેન મેરાભાઇ મળ્યા. સુરેન્દ્રનગરના કુડા ગામના એ રહેવાસી. મેં તેમના ખબરઅંતર પૂછ્યા. હું જાણું ખરી કે મીઠાના અગરોમાં મજૂરીએ જવાનો તેમનો પેઢી દર પેઢી વ્યવસાય ચાલ્યો આવે. કાન્તાબેન પણ એમાંના જ એક અગરિયા બહેન. આજે મહામારી કોવિડ ના દિવસો દરમિયાન પણ તેમનું આ જ કામ ચાલ્યું આવે છે.

તેમના રાત- દિ કેમ ના વીતી રહ્યા છે તેવું મેં તેમને વિડીયો મિટિંગમાં પૂછ્યું... સાંભળો કાન્તાબેનને.

'રોજ રાત્રે બાર વાગે મીઠાની ગાડી આવે છે મારે ગામ થી કુડા ચાલી ને આવું. કુડા થી અમે ૧૫ લોક મીઠા ઉપાડવા રોજ જઇએ. ટીકર રણમાં પહોંચીએ. મીઠા ઉપાડવાની મજુરી ઝટ શરૂ કરી દઈએ. રાત્રે સાડા અગિયારે ઘરેથી નીકળેલી તે બીજા દિવસે બપોરે બાર વાગે અમે પાછા ઘરે આવીએ. રાત પડે ને ફરી પાછા ટીકર રણ પર પહોંચવા અમે ૧૫ જણા ભેગા થઈએ રોજ અઢી કરમના બે પાળા ઉપાડવાના તેના પેટે ૨૦૦ રૂપિયા મજુરી મળે. રોકડા રૂપિયા બસો, સવારે સાડા અગિયાર કે બાર વાગે ઘરે પાછી આવું ત્યારે બોલવાનાય વેત ના હોય, કાંતાબેન આટલું બોલતાં ય જાણે થાકી ગયા. તેમના સાસુ શાંતિમા કાન્તાના બે નાનાં છોકરાને સાચવે, શાંતિબેન (૭૦) 'સેવા' ના અમારાં જૂના આગેવાન.

આગલી રાતે જે રોટલા બનાવેલા તે બીજે દિવસે બપોરે બધા ખાય. જોડે ખાવાના શાક અથવા દાળ શાંતિમાએ રાંધી દીધા હોય.

'રણેથી જેવી પાછી આવું, સાડા અગિયાર આસપાસ તેવી સીધી જ પેલે નાહી લઉં, બેઉ છોકરાઓને નવડાવી દઉં, કપડા ધોઈ લઉં. પછી એકાદ વાગે જમવા સહુ બેસીએ. આગલી રાતના મેં બનાવેલા રોટલા અને શાંતિ માએ સવારે રાંધેલ દાળ, શાક.'

'આરામ?'

'હા, બે વાગે થી ચાર સુધી લાંબી થઈને સૂઈ જાઉં. ચાર વાગે ઉઠીને બે બેડા લઈ પીવાનું પાણી ભરવા જાઉં. ઘરથી થોડુંક દૂર, ત્યાં ગયા પછી ખેતરનો કુવાનો માલિક ના પાડે તો પાછા ઘરે, ખાલી બેડે. આમ મીઠું પાણી ના મળે તે દિ ખારું પાણી જે આવે ઈ જ પીવાનું. પાંચ વાગે બળતણ લેવા રોજ જવાનું. પાછી આવીને છ વાગે ખીચડી મૂકી દઉં. રાતે આઠ વાગે જમવા બેસું. પછી એઠાં વાસણો સાફ કરીને સુઈ જાઉં. અગિયાર વાગે જલ્દી ઉઠીને રોટલા ઘડી દઉં અને બાર વાગે મીઠા ની ગાડી આવે એટલે પાછા અમે મીઠા ઉપાડવા નીકળીએ. મજૂરીના દાડીના બસ્સો રૂપિયા આપે એટલે રોજેરોજ નો ખર્ચો નીકળી જાય.'

'તમારા પતિ?'

'એ તો ગામમાં સાતથી બાર રાહતના કામમાં માટી ખોદવા જાય છે. પંદર-વીસ દહાડે મજૂરી ચૂકવાય.'

- ઈ.

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-6-2020

**અનસૂયા**

- ૩૭માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-6-2020**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001